## નિયામક, સમાજ સુરક્ષા

# માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫

सत्यमेव जयते

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,

બ્લોક નં.૧૬, ભોંયતળિયે, જૂના સચિવાલય

ગાંધીનગર-૩૮૨૦૧૦

# પ્રકરણ-૧

## પ્રસ્તાવના

# પ્રસ્તાવના

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયનાં તમામ રાજ્યોમાં તા.૧૨-૧૦-૨૦૦૫ થી માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ અમલમાં મુકેલ છે. આ કાયદા હેઠળ દેશમાં નાગરિકોને સરકાર પાસે માહિતી મેળવવાનો અધિકાર આપવામાં આવેલ છે.

માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ અન્વયે સમાજ સુરક્ષા ખાતા હેઠળ થતી કામગીરીની માહિતી સહેલાઈથી નાગરિકોને મળી રહે તે માટે ખાતા દ્વારા અમલમાં મુકેલ તમામ યોજનાઓની વિગતો અને સામાજિક કાયદાઓની વિગતો આ પુસ્તીકામાં રજૂ કરતાં હું આનંદ અનુભવું છું.

સમાજનાં નબળા અને ઉપેક્ષિત વર્ગો માટે કામ કરતાં સામાજિક કાર્યકરો, મહિલાઓ અને બાળકો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને વિકલાંગો માટેની સંસ્થાઓ તેમજ અન્ય સંસ્થાઓને આ પુસ્તિકાની વિગતો ઘણી ઉપયોગી થઈ પડશે.

આ પુસ્તિકામાં ખાતા હેઠળ કરવામાં આવતી કામગીરી અને તે અંગેનાં નિયમો, વહીવટી તંત્રનું માળખુ, કચેરીઓની યાદી તેમજ અન્ય વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પુસ્તિકામાં આપેલ માહિતી સિવાયની માહિતીની જરૂર હોય તો ખાતાનાં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી માહિતી મેળવી શકાશે. માહિતી મેળવવા માટે નિયત નમૂનામાં નિયત ફી ભરી માહિતી મેળવી શકાય છે.

આ સાહિત્યનો ઉપયોગ ખાતા હસ્તકની તમામ કચેરીઓ અને સંસ્થાના અધિકારીઓ પોતાની નીચેનાં કર્મચારીઓની તાલીમ માટે પણ કરે તેવી પણ અપેક્ષા છે.

આ પુસ્તિકા જાહેર જનતા માટે ખાતાની વેબસાઈટ પર રજૂ કરવામાં આવે છે. જેથી જાહેર જનતાને ખુબ જ ઉયયોગી થશે.

**(તુષાર એમ.ધોળકીયા)**
**નિયામક**
**સમાજ સુરક્ષા ખાતુ**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**